Friday
06.11.2026
✳Volume :11 ✳ Issue No.125
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

KAMALAM

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે અમદાવાદ શહેરના ત્રણ નવનિર્મિત પોલીસ સ્ટેશનોનું લોકાર્પણ

મોટેરા, વસ્ત્રાલ અને હંસપુરા ખાતે નવીન પોલીસ સ્ટેશનો કાર્યરત







અમદાવાદ શહેરનું સુરક્ષા માળખું વધુ સુદ્રઢઃ શહેરમાં પોલીસ સ્ટેશનોની સંખ્યા વધીને ૫૨ થઈ અસામાજિક તત્ત્વોમાં કાયદાનો ડર અને સામાન્ય-ગરીબ નાગરિકો માટે પોલીસ સ્ટેશનમાં સન્માનજનક વાતાવરણ હોવું અનિવાર્યઃ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

કમલમ્,
દિવાળીના પવિત્ર પર્વ અને રમા એકાદશીના શુભ દિવસે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના વરદહસ્તે અમદાવાદ શહેરની આંતરિક સુરક્ષા વ્યવસ્થાને વધુ સુદ્રઢ કરવાના ભાગરૂપે ત્રણ નવનિર્મિત પોલીસ સ્ટેશનો— મોટેરા, વસ્ત્રાલ અને હંસપુરાનું ભવ્ય લોકાર્પણ સંપન્ન થયું હતું. આ ત્રણ નવા પોલીસ સ્ટેશનો કાર્યરત થતાંની સાથે જ અમદાવાદ શહેરમાં પોલીસ સ્ટેશનોની કુલ સંખ્યા ૪૯ થી વધીને ૫૨ થઈ છે. આ પ્રસંગે ઉપસ્થિત પ્રબુદ્ધ નાગરિકો તથા પોલીસ પરિવારને સંબોધતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, નવા પોલીસ સ્ટેશનો શરૂ થવાથી સ્થાનિક નાગરિકોને પોતાની રજૂઆત, ફરિયાદ કે અન્ય કામગીરી માટે દૂર સુધી જવું નહીં પડે, જેથી નાગરિકોના સમય અને શ્રમ બંનેની બચત થશે. વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ જેવા વૈશ્વિક આયોજન સ્થળની આસપાસ સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવવા અને મહત્ત્વપૂર્ણ કાર્યક્રમો દરમિયાન કાયદો-વ્યવસ્થાની સુચારુ જાળવણી માટે મોટેરા પોલીસ સ્ટેશન ખૂબ મહત્વની ભૂમિકા ભજવશે. તાજેતરમાં અમદાવાદ કાઈમ બ્રાન્ચ દ્વારા કરોડો રૂપિયાના એમ.ડી. અને હેરોઈન ડ્રગ્સ સાથે આંતરરાજ્ય ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કરવા બદલ નાયબ મુખ્યમંત્રીશ્રીએ પોલીસ ટીમની સરાહનીય કામગીરીને બિરદાવી હતી. આ ઉપરાંત, નવરાત્રી મહોત્સવ દરમિયાન ગતભર સણંગ ખડેપગે રહીલાખો ખેલૈયાઓને ભયમુક્ત વાતાવરણ પૂરું પાડવા તથા આયોજિક અને વ્યાપારિક સુરક્ષા સુનિશ્ચિત કરવા બદલ સંમગ્ર પોલીસ બેડાનો આભાર વ્યક્ત કર્યો હતો. દિવાળી પર્વના અનુસંધાને વિશેષ અપીલ કરતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નાના પાથરણાવાળા, લારી-ગલ્લા ધારકો કે નાના વેપારીઓ મોટી ગત સુધી શાંતિ અને ઉત્સાહ સાથે વેપાર કરી શકે તે માટે પોલીસે સતત સહયોગી અને મિત્રભાવ રાખવો. તેમણે નાગરિકોને પણ વિનંતી કરી હતી કે, નાના વેપારીઓ પાસેથી ખરીદી કરતી વખતે વધુ પડતો ભાવતાલ કરવાને બદલે તેમની રોજીરોટીમાં ટેકો આપી તેમની દિવાળી પણ રોશન કરવામાં સહભાગી બને. પોલીસ જવાનોના મનોબળને પ્રોત્સાહિત કરતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, "અસામાજિક તત્ત્વો અને ગુનેગારોમાં કાયદાનો કડક ખોફ હોવો જોઈએ, પરંતુ જ્યારે કોઈ સામાન્ય કે ગરીબ અરજદાર આવે ત્યારે તેને આદરપૂર્વક આવકારી, સાંભળીને ત્વરિત ન્યાય આપવાનો સંવેદનશીલ અભિગમ દાખવવો જોઈએ." તેમણે પોલીસકર્મીઓની અવિરત ફરજનિષ્ઠને બિરદાવતાં લાગણીસભર ભાવે જણાવ્યું હતું કે, ૧૮-૧૮ કલાક સુધી લોકસુરક્ષા માટે સમર્પિત રહ્યા બાદ ઘેર પહોંચતી વખતે ફરજનો ભાર કાર્યસ્થળે જ મૂકીને પરિવાર સાથે એકપ્રમાણ પુત્ર, પતિ કે પિતા બનીને દિવાળીનો તહેવાર ઉમંગભેર ઉજવવો જોઈએ. આ લોકાર્પણ સમારોહમાં શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા, અમદાવાદના મેયર શ્રી હિતેશ ભાઈ બારોટ, રાજ્યના પોલીસ વડા શ્રી જી. એસ. મલિક, સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય સર્વે શ્રી અલ્પેશજી ઠાકોર, શ્રીમતી પાયલબેન કુકરાણી, શ્રીમતી કંચનબેન રાદડિયા, અમદાવાદ પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોત, ડેપ્યુટી મેયર શ્રીમતી અંજુબેનશાહ, અગ્રણી સર્વે શ્રી પ્રકાશભાઈ પટેલ, શ્રી પરાગ શાહ સહિતના લોકપ્રતિનિધિઓ, વરિષ્ઠ પોલીસ અધિકારીઓ, પોલીસ જવાનો તથા નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

મુંબઈ મહાનગરપાલિકાના મેયર શ્રીમતી રિતુ રાજેશ તાવડેએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત લીધી હતી



કમલમ્,

- ગુજરાતની એક દિવસીય મુલાકાતે આવેલા વૃદ્ધ મુંબઈ મહાનગરપાલિકાના મેયર શ્રીમતી રિતુ રાજેશ તાવડે એ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત લીધી હતી
- મુખ્યમંત્રીશ્રી સાથેની આ મુલાકાતમાં તેમણે મુંબઈના વીરમાતા જિજિબાઈ ભોસલે બોટાનિકલ ઉદ્યાન અને ગ્રૂ તલા જૂનાગઢના સક્કરબાગ ગ્રૂઓલોજિકલ પાર્ક વચ્ચે વન્યપ્રાણીઓના સંકલન વિષયે ચર્ચા-પરામર્શ કર્યા હતા
- મુંબઈના મેયરશ્રી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનથી નિર્માણ પામેલા ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સટેક સિટી ગિફ્ટની મુલાકાતથી પણ પ્રભાવિત થયા હતા
- આ સૌજન્ય શુભેચ્છા મુલાકાત વેળાએ મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજયકુમાર પણ ઉપસ્થિત રહ્યાં હતા

કેન્દ્રીય મંત્રી ડો. વીરેન્દ્ર કુમારે પેઢીઓ વચ્ચેના સંબંધોને મજબૂત કરવા 'વયો સન્માન રાષ્ટ્રીય અભિયાન' શરૂ કર્યું

કમલમ્,
કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિકતા મંત્રી ડો. વીરેન્દ્ર કુમારે સાંજે રાષ્ટ્રીય રાજધાનીમાં અટલ વયો અભ્યુદય યોજના (AVYAY) હેઠળ રાષ્ટ્રીય પેઢીગત જોડાણ અભિયાન 'વયો સન્માન રાષ્ટ્રીય અભિયાન'નો પ્રારંભ કરાવ્યો હતો. આ પહેલ પેઢીઓ વચ્ચેની એકતા ને મજબૂત કરવા અને વરિષ્ઠ નાગરિકના અનુભવ, શાણપણ અને યોગદાનને ઓળખતા અને મૂલ્ય આપતા સમાજને પ્રોત્સાહન આપવા તરફનું એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે. મંત્રીશ્રીએ વયો સન્માન રાષ્ટ્રીય અભિયાન પર એક ઇન્ડબુક પણ બહાર પાડી હતી અને વરિષ્ઠ નાગરિકોના સમર્થનમાં નાગરિકોને એકત્રિત કરવા માટે વયો સાથી સ્વયંસેવક પહેલ શરૂ કરી હતી. આ પ્રસંગે, માનનીય કેન્દ્રીય મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારિકતા મંત્રાલયના સચિવ અને મંત્રાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં સ્વૈચ્છિક સંસ્થાઓ એટલે કે શ્રી રામચંદ્ર મિશન (SRCM) અને અધ્યાત્મ વિજ્ઞાન સત્સંગ કેન્દ્ર (AVS K), જોધપુર સાથે બે સમજૂતી કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા અને ઔપચારિક રીતે આદાન-પ્રદાન કરવામાં આવ્યા હતા. આ સહયોગનો ઉદ્દેશ્ય ધ્યાન, યોગ અને વેલનેસ કાર્યક્રમો દ્વારા વરિષ્ઠ નાગરિકોના સર્વાંગી કલ્યાણને પ્રોત્સાહિત કરવાનો છે. આ સિવાય પ્રતિજ્ઞા ઝુંબેશ, વોકાથોન અને અન્ય સમુદાય-આધારિત પ્રવૃત્તિઓ દ્વારા પેઢીઓ વચ્ચેના જોડાણને પ્રોત્સાહન આપવાનો છે. આ પ્રસંગે સામાજિક ન્યાય અને આધિકારિકતા વિભાગના સચિવ શ્રી સુધીર પંત, અપર સચિવો શ્રીમતી મોના કે. ખંધાર, શ્રીમતી હેમોલિના ટ્રકર, સંયુક્ત સચિવો શ્રી સજ્જશ કુમાર એન., ડો. સંદીપ આર રાઠોડ, શ્રી શૈલેન્દ્ર કુમાર, શ્રીમતી મોનાલી પી ક્રાકતે, શ્રી રહીસ એમ., આર્થિક સલાહકાર, નિયામક શ્રી આસ્તિક કુમાર પાઠ, સુશ્રી કાજલ સિંહ અને મંત્રાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મેદનીને સંબોધતા, ડો. વીરેન્દ્ર કુમારે આ અભિયાનને 'અનુભવ અને ઊર્જાનો સંગમ' તરીકે વર્ણવ્યું હતું, જે વરિષ્ઠ નાગરિકોના અનુભવ અને યુવા પેઢીની ઊર્જાને એકસાથે લાવે છે. તેમણે રેખાંકિત કર્યું હતું કે ૬૦ વર્ષ અને તેથી વધુ વયની ભારતની વસ્તી ૨૦૧૧ માં આશરે ૧૦ કરોડથી વધીને ૨૦૩૬ સુધીમાં ૨૩ કરોડ થવાનો અંદાજ છે. મંત્રીશ્રીએ અવલોકન કર્યું હતું કે શહેરીકરણ, સ્થળાંતર અને બદલાતા કૌટુંબિક માળખાએ પેઢીઓ વચ્ચેના નિયમિત વાતાલાપને ઘટાડી દીધો છે, જેના પરિણામે વરિષ્ઠ નાગરિકોમાં એકલતા, કલ્યાણકારી યોજનાઓ વિશે મર્યાદિત જાગૃતિ અને સાયબર છેતરપિંડી પ્રત્યે સંવેદનશીલતા જેવા પડકારો ઉભા થયા છે. પરસ્પર શિક્ષણ અને પેઢીગત સંબંધોના મહત્વ પર ભાર મૂકતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, "યુવાનો આપણા ઘરડાઓને ડિજિટલ જગત સાથે જોડશે અને આપણા ઘરડા યુવાનોને જીવનના મૂલ્યો આપશે." દીવા બીની પૂર્વસંધ્યાએ વિશેષ સંદેશ આપતાં તેમણે નાગરિકોને વિનંતી કરી હતી કે તેઓ સુનિશ્ચિત કરે કે તેમના ઘરોમાં કે પડોશમાં કોઈ પણ વૃદ્ધ વ્યક્તિ એકલી ન રહે અને તેમના સન્માનમાં એક દીવો પ્રગટાવવામાં આવે. મંત્રીશ્રીએ એ વાત પર પ્રકાશ પાડ્યો હતો કે આ અભિયાન પંચાયતો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને શિક્ષણ સંસ્થાઓ દ્વારા દરેક ગામ અને મહોલ્લા સુધી પહોંચશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કોળજીના સરળ કૃત્યો પણ, જેમ કે વૃદ્ધ વ્યક્તિ સાથે અડધોકલાક વિતાવવો અથવા તેમની સાથે ડોકટર પાસે જવું, તેમના કલ્યાણ તરફ અર્થપૂર્ણ યોગદાન દર્શાવે છે. ડો. કુમારે કહ્યું કે આ અભિયાન એ સંદેશને પુનઃપુષ્ટ કરેછે કે વરિષ્ઠ નાગરિકોનું કલ્યાણ, ગૌરવ અને સમાવેશ એ માત્ર સરકારી જવાબદારીઓ નથી પરંતુ એકિય આંતરિક સામાજિક પ્રતિબદ્ધતા છે. કાર્યક્રમ દરમિયાન, માનનીય કેન્દ્રીય મંત્રીએ ઉપસ્થિત તમામ લોકોને વયો સન્માન પ્રતિજ્ઞા લેવડાવી હતી, જેમાં વરિષ્ઠ નાગરિકોના ગૌરવ, સંભાળ, આદર અને સામાજિક સમાવેશને સુનિશ્ચિત કરવા તરફ સામૂહિક પ્રતિબદ્ધતાને પ્રોત્સાહિત કરવામાં આવી હતી. ઉપસ્થિત લોકોનું સ્વાગત કરતાં, સામાજિક ન્યાય અને આધિકારિકતા મંત્રાલયના સચિવ શ્રી સુધીર પંતે જણાવ્યું હતું કે આ પહેલ વરિષ્ઠ નાગરિકોને માત્ર કલ્યાણકારી કાર્યક્રમોના લાભાર્થી તરીકે જ નહીં પરંતુ સક્રિય યોગદાનકર્તા, માર્ગદર્શક અને જ્ઞાન, સંસ્કૃતિ તથા સામાજિક અનુભવના મૂલ્યવાન ખજાના તરીકે આંખે છે. તેમણે અભિયાનના અસરકારક અમલીકરણને સુનિશ્ચિત કરવા હેન્ડબુક અનુસાર પ્રવૃત્તિઓ હાથ ધરવા રાજ્યો અને જિલ્લાઓને પ્રોત્સાહિત કર્યા હતા. મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે આ અભિયાન 'પંચ' માડેલ — કનેક્ટ, કન્વર્સ, કો-ક્રિએટ, ક્ટ્રીબ્યુટ અને ક્ટેન્યુપર આધારિત છે—જે પેઢીઓ વચ્ચે સતત જોડાણ સ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે. તેમણે કહ્યું કે આ અભિયાન સમુદાય પ્લેટફોર્મ્સ અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા યુવા અને વૃદ્ધ પેઢીઓને જોડવા, વાતચીત અને વાર્તાલાપને પ્રોત્સાહિત કરવા, સંયુક્ત પ્રવૃત્તિઓ હાથ ધરવા, સમુદાયના કલ્યાણ માટે જ્ઞાન અને કૌશલ્યો વહેંચવા, અને આવા જોડાણને એક વખતના બદલે નિયમિત સમુદાય-સંચાલિત પદ્ધતિ તરીકે ચાલુ ચુખવા પ્રોત્સાહન આપે છે. અધિકારીએ જણાવ્યું હતું કે આ ઝુંબેશમાં બાર વિષયવસ્તુ ક્ષેત્રોનો સમાવેશ થાય છે, જેમાં '૩૦ મિનિટ સાથે', 'મન શીખવો — હું તમને શીખવીશ', 'મારી વાર્તા, મારુંભારત', 'ડિજિટલ વૃદ્ધ-દાદી / ડિજિટલ સાથી', 'જન્દેશન હેલ્થ અને વેલનેસ' અને 'સિલ્વર સ્કિલ્સ — માર્ગદર્શક તરીકે વરિષ્ઠો' સામેલ છે. તેમણે કહ્યું કે આ વિષયોનો ઉદ્દેશ્ય સાથ-સંગાથને પ્રોત્સાહન આપવાનો, મૌખિક ઇતિહાસ જાળવવાનો, ડિજિટલ સાક્ષરતા વધારવાનો, સાયબર છેતરપિંડી વિશે જાગૃતિ લાવવાનો, આરોગ્ય અને વેલનેસને પ્રોત્સાહિત કરવાનો અને વરિષ્ઠ નાગરિકોને માર્ગદર્શક તથા જ્ઞાન આપનારા તરીકે ઓળખવાનો છે. આ પહેલનો બીજો મુખ્ય ઘટક વયો સાથી (Vayo SAATHI - Support, Awareness, Assistance, Training, Health and Inclusion) છે, જે ૧૮ વર્ષ અને તેથી વધુ વયના તમામ નાગરિકો માટે ખુલ્લી ડિજિટલી સક્ષમ સ્વયંસેવક પહેલ છે, જેમાં વિદ્યાર્થીઓ, યુવા વ્યાવસાયિકો, અને સંસ્થાઓ શામેલ છે, તેમ તેમણે ઉમેર્યું હતું. સ્વયંસેવકો વરિષ્ઠ નાગરિકો માટે મિત્રો, સુવિધા આપનારા અને જોડનારા તરીકે કામ કરશે, તેમના સામાજિક સમાવેશ અને કલ્યાણને સમર્થન આપશે. સ્વ ધરાવતા નાગરિકે જીઝઉ સમાવેશ પોર્ટલ અથવા જીવન એપ દ્વારા નોંધણી કરાવી શકે છે અને વયો સાથી પ્રમાણપત્ર મેળવી શકે છે, તેમ અધિકારીએ વધુમાં જણાવ્યું હતું. અધિકારીએ માહિતી આપી હતી કે કાર્યક્રમ દરમિયાન બહાર પાડવામાં આવેલી હેન્ડબુક અભિયાનને આગળ ધપાવવામાં રાજ્ય, જિલ્લા અને સમુદાય સંસ્થાઓના ઉદ્દેશ્યો, અમલીકરણ વ્યૂહરચના, થીમેટિક પ્રવૃત્તિઓ અને ભૂમિકાઓને આવરી લેતું એક વ્યાપક માર્ગદર્શક માળખું પૂરું પાડે છે. તેમણે ઉમેર્યું હતું કે શ્રી રામચંદ્ર મિશન અને અધ્યાત્મ વિજ્ઞાન સત્સંગ કેન્દ્ર, જોધપુર સાથે હસ્તાક્ષર કરાયેલા સમજૂતી કરારો ધ્યાન, યોગ, વેલનેસ કાર્યક્રમો અને પેઢીગત જોડાણની પ્રવૃત્તિઓ દ્વારા વરિષ્ઠ નાગરિકોના સર્વાંગી કલ્યાણ તરફના પ્રયાસોને વધુ મજબૂત કરશે.

ગુજરાત લોકભવન ખાતે 'એક ભારત - શ્રેષ્ઠભારત'ની ભાવના સાથે વિવિધ રાજ્યોના સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી

ભાષા, પહેરવેશ અને સંસ્કૃતિ અલગ હોવા છતાં એકતા આપણી સૌથી મોટી શક્તિ છેઃ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી



કમલમ્,
ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, હરિયાણા, કર્ણાટક, કેરળ, મધ્યપ્રદેશ, પંજાબ, તમિલનાડુ, આંદામાન-નિકોબાર દ્વીપસમૂહ, ચંદીગઢ, દિલ્હી, લક્ષદ્વીપ-પુડુચેરી, ઉત્તરાખંડ તથા ઝારખંડ રાજ્યના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે રાજ્યપાલ શ્રીએ ઉપસ્થિત સૌ નાગરિકોને વિવિધ રાજ્યોના સ્થાપના દિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, આ પણા વૈવિધ્યસભર દેશમાં ભાષા, પહેરવેશ, ખાનપાન અને સંસ્કૃતિમાં ભિન્નતા હોવા છતાં, હૃદય અને લાગણીઓની એકતા એ જ આપણી સૌથી મોટી શક્તિ છે. તેમણે ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની, પરિકલ્પના મુજબ 'એકભારત - શ્રેષ્ઠભારત'ના ભાવ સાથે સમગ્ર દેશમાં વિભિન્ન રાજ્યો ના સ્થાપના દિવસો ઉજવવાની નવી પરંપરા શરૂ થઈ છે, જે નાથી રાષ્ટ્રીય એકતા અને ભાઈચારો વધુમજબૂત બન્યા છે. રાજ્યપાલશ્રીએ દેશની આર્થિક પ્રગતિ અને સુરક્ષા અંગે વાત કરતા જણાવ્યું હતું કે, શાંતિ અને પરસ્પર સૌહાર્દના વાતાવરણમાં જ દેશ પ્રગતિના પથે આગળ વધી શકેછે. આજે સમગ્રવિશ્વમાં ભારત પોતાની મજબૂત અર્થવ્યવસ્થા અને ઝડપી વિકાસ દર સાથે અગ્રેસર છે. તેમણે ગુજરાતમાં વસતા અન્યરાજ્યોના નાગરિકોને આહ્વાન કર્યું હતું કે તેઓ ગુજરાતને પોતાનું ઘર માનીને સંસ્કૃતિમાં ભિન્નતા હોવા છતાં, હૃદય અને લાગણીઓની એકતા એ જ આપણી સૌથી મોટી શક્તિ છે. તેમણે ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની, પરિકલ્પના મુજબ 'એકભારત - શ્રેષ્ઠભારત'ના ભાવ સાથે સમગ્ર દેશમાં વિભિન્ન રાજ્યો ના સ્થાપના દિવસો ઉજવવાની નવી પરંપરા શરૂ થઈ છે, જે નાથી રાષ્ટ્રીય એકતા અને રાષ્ટ્રનિર્માણમાં સક્રિય યોગદાન આપે. આ સાથે તેમણે સ્વદેશી ચીજવસ્તુઓ અપનાવવા, સ્થાનિક ઉત્પાદકો તથા કારીગરોને પ્રોત્સાહિત કરવા અને વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત અને આત્મનિર્ભર ભારત'ના નિર્માણના સંકલ્પને સાકાર કરવા સહભાગી બનાવ અનુરોધ કર્યો હતો. કાર્યક્રમના પ્રારંભેતમિલનાડુ, મધ્યપ્રદેશ અને પંજાબના રાજ્યપાલ શ્રીઓ ના વિડીયો સંદેશ નિહાળવામાં આવ્યા હતા. વિભિન્ન રાજ્યોના સંગઠનોના પ્રતિનિધિઓએ રાજ્યપાલ શ્રી તથા લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજીનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે વિવિધ રાજ્યોની સંમૃદ્ધ સાંસ્કૃતિક ઝાંખી કરાવતી અને 'એક ભારત - શ્રેષ્ઠભારત'ની ભાવનાને મૂર્તિમંત કરતી કૃતિઓ તથા નૃત્યો ની મનમોહક પ્રસ્તુતિ નાના બાળકો અને કલાકારો દ્વારા કરવામાં આવી હતી. આ સમારોહમાં પાણી પુરવઠા, નર્મદા અને કલ્પસર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી સી.વી. સોમ, ડીજીપી શ્રી જી.એસ. મલિક, લોકમલનના અગ્ર સચિવ શ્રી મેહુલ કે. દવે, વલસાડના કલેક્ટર શ્રી નીતિન સાંગવાન, વિવિધ રાજ્યોના અગ્રણીઓ, વરિષ્ઠ વહીવટી તથા સુરક્ષાદળોના અધિકારીઓ તેમજ ગુજરાતને પોતાનું ઘર બનાવીને રહેતા વિવિધ રાજ્યોના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી.....

ભારત સરકારના પ્રવાસન મંત્રાલય અને ગુજરાત પ્રવાસનના સંયુક્ત ઉપક્રમે સ્ટેચ્યૂ ઓફ યુનિટી, એકતાનગર ખાતે તા. ૧થી ૧૫ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન 'ભારત પર્વ ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે. દેશની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતા અને 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને ઉજાગર કરતા આ મહોત્સવને પ્રવાસીઓનો ઉત્સાહજનક પ્રતિસાદ મળી રહ્યો છે. તા. ૧થી ૩ નવેમ્બર દરમિયાન પ્રથમ ત્રણ દિવસમાં જ ૨૫ હજારથી વધુ પ્રવાસીઓએ ભારત પર્વની મુલાકાત લીધી છે. આ મહોત્સવ પ્રવાસીઓને એક જ સ્થળે દેશના વિવિધ રાજ્યોનાં પ્રવાસન સ્થળો, પરંપરાઓ, વાનગીઓ અને સાંસ્કૃતિક વારસાનો અનુભવ કરવાની તક પૂરી પાડી રહ્યો છે. વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રવાસન પેવેલિયનમાં તેમના વિશિષ્ટ પ્રવાસન સ્થળો, પરંપરાગત કલા, હસ્તકલા અને હેન્ડલૂમ ઉત્પાદનોનું પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. ઓડિશાની સંબલપુરી સાડીઓ, પટ્ટચિત્ર ચિત્રકલા, એપ્લિક વર્ક અને સિલ્વર ફિલિગ્રી; આસામની મૂગા સિલ્ક અને મેખેલા ચાદર; બિહારની મધુબની ચિત્રકલા, ભાગલપુરી સિલ્ક અને સિક્કી ઘાસની કલા; મધ્યપ્રદેશની ચંદેરી અને મહેશ્વરી સાડીઓ તથા ગોંડ આર્ટ; જમ્મુ-કાશ્મીરની પશ્મિના અને કની શાલ તેમજ તલંગાણા અને આંધ્રપ્રદેશની પોચમપલ્લી ઇકત સાડીઓ પ્રવાસીઓ માટે આ કાપણનું કેન્દ્ર બની છે. ગુજરાત દ્વારા પણ તેની પ્રસિદ્ધ પટોળા કલા, પીઠોરા ચિત્રકલા અને અજરખ હેન્ડીક્રાફ્ટ નું પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત છત્તીસગઢની વાંસની કળાકૃતિઓ અને અંદમાન-નિકોબાર ટપુઓની શંખકલા પણ પ્રવાસીઓને આકર્ષી રહી છે. પ્રવાસીઓ અહીં હસ્તકલાકારો દ્વારા કરવામાં આવતા હસ્તકલાના લાઇવ ડેમો નિહાળી શકે છે, પરંપરાગત કળા બનાવવાની પ્રક્રિયા જાણી શકે છે તેમજ વિવિધ હસ્તકલા અને હેન્ડલૂમ ઉત્પાદનોની ખરીદી પણ કરી શકે છે. આ પહેલ પરંપરાગત કારીગરોને પ્રોત્સાહન આપવા અને ભારતીય હસ્તકલાને વધુ વ્યાપક ઓળખ અપાવવામાં મદદરૂપ બની રહી છે. ભારત પર્વનું અન્ય એક મુખ્ય આકર્ષણ વિવિધ રાજ્યોના ૨૫ ફૂડ સ્ટોલ્સ છે, જ્યાં મહારાષ્ટ્ર, કર્ણાટક, સિક્કિમ, આસામ, લદ્દાખ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને ગુજરાત સહિતના રાજ્યોની પરંપરાગત વાનગીઓ પીરસવામાં આવી રહી છે. બિહારનું લિટ્ટી ચોખા અને કુંકુમા, રાજસ્થાનની દાલ બાટી અને પ્યાઝ કચોરી, મધ્યપ્રદેશનું ગુજ્જુ અને રતલામી સેવ, પશ્ચિમ બંગાળની ઝાલમુડી અને પપ્પાસીસ પીઠા, સિક્કિમના વેજ મોમોઝ અને સેલ રોટી તેમજ કાશ્મીરનું નદરૂ યખની અને ઝારખંડની કાકડા જેવી વાનગીઓનો પ્રવાસીઓ આનંદ માણી રહ્યા છે. આ ઉપરાંત, IIHM શિમલા અને IIHM ગાંધીનગર દ્વારા સંચાલિત સ્ટ્રીટ્યો કિચનમાં દરરોજ ભારતની વિવિધ પ્રાદેશિક વાનગીઓની લાઇવ કુકિંગ ડેમોનું આયોજન કરવામાં આવે છે. આ માધ્યમથી પ્રવાસીઓને વિવિધ ભારતીય વાનગીઓ બનાવવાની રીત નિહાળવાની અને દેશની સમૃદ્ધ ખાદ્ય પરંપરાનો અનુભવ કરવાની તક મળી રહી છે. મહોત્સવના ભાગરૂપે દરરોજ સાંજે વિવિધ રાજ્યોના કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવે છે. જેમાં દેશના વિવિધ પ્રદેશોના લોકસંગીત, પરંપરાગત નૃત્યો અને લોકકળાની મનમોહક પ્રસ્તુતિઓ પ્રવાસીઓને ભારતની સાંસ્કૃતિક વિવિધતાનો અનોખો અનુભવ કરાવી રહી છે. આમ, પ્રવાસન પેવેલિયન, હસ્તકલા, હેન્ડલૂમ, પ્રાદેશિક વાનગીઓ, લાઇવ કુકિંગ ડેમો અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ભારત પર્વ ૨૦૨૬ દેશની એકતા અને વિવિધતાની ઉજવણી સાથે પ્રવાસન, સંસ્કૃતિક આદાનપ્રદાન અને પરંપરાગત કારીગરીને પ્રોત્સાહન આપી રહ્યું છે.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે ટેકનોલોજી-આધારિત સ્ટાર્ટ-અપ્સ માટે ગ્રોથ ફંડનું લોન્ચિંગ

જીનટેક કોક્લેવ ૨૦૨૬ દ્વારા ગુજરાતના ટેકનોલોજી-આધારિત સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમને નવી દિશા અને વેગ મળશે: મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા



સાવલી ટેકનોલોજી એન્ડ બિઝનેસ ઇન્ક્યુબેટર દ્વારા 'ગુજરાત ઇનોવેશન એન્ડ ટેકનોપ્રેયોરશિપ જીનટેક કોક્લેવ ૨૦૨૬'નું ગાંધીનગર ખાતે આયોજન

કમલમ્,

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા આજે 'ગ્રોથ ફંડ' લોન્ચ કરવામાં આવ્યું છે. આ પહેલનો ઉદ્દેશ સ્ટાર્ટ અપ ઇનોવેશનના વ્યાપારીકરણને વેગ આપવાનો અને વડાપ્રધાનશ્રીના 'વિકસિત ગુજરાત થી વિકસિત ભારત-૨૦૪૭'ના વિઝનમાં વિજ્ઞાન અને ટેકનોલોજી આધારિત યોગદાન આપવાનો છે. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની અધ્યક્ષતામાં સાવલી ટેકનોલોજી એન્ડ બિઝનેસ ઇન્ક્યુબેટર દ્વારા 'ગુજરાત ઇનોવેશન એન્ડ ટેકનોપ્રેયોરશિપ **(GInTech)** કોક્લેવ ૨૦૨૬'નું ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે ગ્રોથ ફંડનું લોન્ચિંગ કરવામાં આવ્યું, જેના માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જેમાં **TRL-4** સુધીના પ્રારંભિક તબક્કાના સ્ટાર્ટ-અપ્સને પૂર્વ-ઓફ-કોન્સેપ્ટ, ટેકનોલોજી વેલિડેશન, વિવિધ ટ્રાયલ્સ અને સંબંધિત વિકાસલક્ષી પ્રવૃત્તિઓ માટે રૂ. ૩૦ લાખ સુધીની ગ્રાન્ટ સહાય પ્રાપ્ત કરવા પાત્રતા રહેશે. તે જ રીતે, **TRL-5** અને તેનાથી આગળના અદ્યતન તબક્કાના સ્ટાર્ટ-અપ્સને પાઈલટ મેન્યુફેક્ચરિંગ, ટેક્નોલોજી ઇમ્પ્લેન્ટેશન, પિવોટિંગ તથા બજારમુખી વિકાસ સંબંધિત જરૂરિયાતો માટે પ્રતિ સ્ટાર્ટ-અપ રૂ. ૨ કરોડ સુધીની ઇક્વિટી-લિંક્ડ કન્વર્ટિબલ ડેટિંગ સહાય મેળવવાની પાત્રતા રહેશે. મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા જણાવ્યું હતું કે આજે દેશભરમાં આશરે ૨,૯૦,૦૦૦ જેટલા સ્ટાર્ટ-અપ્સ રજિસ્ટર્ડ થયા છે, જેમાંથી એકલા ગુજરાતમાં જ ૧૮,૦૦૦થી ૨૦,૦૦૦ જેટલા સ્ટાર્ટ-અપ્સ સક્રિય છે. આ સાબિત કરે છે કે ગુજરાત આજે દેશના સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમમાં અગ્રેસર સ્થાન ધરાવે છે. વડાપ્રધાનશ્રીના ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સ્વપ્નને સાકાર કરવા માટે આ સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમ અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે સ્ટાર્ટ-અપ ક્ષેત્રમાં યુવાનો આગળ વધી પોતાના આઈડિયાને પ્રોડક્ટમાં લાઈનમુખી લઈ જવા માટે રાજ્ય સરકાર દ્વારા ખાસ નીતિઓ પણ બનાવવામાં આવી છે. અગાઉના સમયમાં જ્યાં યુવાનો માત્ર સર્ટિફિકેટ મેળવીને સરકારી કે કોર્પોરેટ નોકરીની અપેક્ષા રાખતા હતા, તેની જગ્યાએ આજે યુવાઓની માનસિકતા બદલાઈ છે અને તેઓ નોકરી મેળવવાના બદલે પોતાના આઈડિયાઝ થ્રીસ્ટાર્ટ-અપ શરૂ કરી અન્ય લોકોને પણ રોજગારી પૂરી પાડી રહ્યા છે. લોન્ચ કરેલી યોજના દ્વારા ટેકનોલોજી આધારિત સ્ટાર્ટ-અપ્સને તેમના નવાચારને પ્રયોગશાળાથી બજાર સુધી પહોંચાડવામાં જરૂરી નાણાકીય સહાય અને વૃદ્ધિ માટેની મજબૂત તકો પૂરી પાડશે તેમ મંત્રીશ્રીએ કહ્યું હતું. તેમણે રાષ્ટ્રીય સ્ટાર્ટ-અપ પ્લેટફોર્મમાં ગુજરાતના સફળ પ્રદર્શન, કેટલાક શ્રેષ્ઠ ઇનોવેશન અને વૈશ્વિક સ્તરે સંરેખિત નવીનતાઓને અનુપ્રાદિત કરવામાં ગુજરાતની આગામી યોજનાઓ પર પણ પ્રકાશ પાડ્યો હતો. તેમણે તમામ હિસ્સેદારોને નીતિઓ, શ્રેષ્ઠ વેજાણિક્માળાગત સુવિધાઓ અને ટેકનોલોજી કેન્દ્રિત વ્યૂહાત્મક પ્લેટફોર્મનો લાભ લેવા આમંત્રણ આપ્યું. આ કેન્દ્રિત અભિગમને કારણે સ્ટ્રેટેજિક વૈશ્વિક ભાગીદારીઓનો સફળ ભની શકી છે અને તેઓ નોકરી મેળવવાના બદલે યુવાનોની માનસિકતા બદલાઈ છે અને તેઓ નોકરી મેળવવાના બદલે પોતાના આઈડિયાઝ થ્રીસ્ટાર્ટ-અપ શરૂ કરી અન્ય લોકોને પણ રોજગારી પૂરી પાડી રહ્યા છે. લોન્ચ કરેલી યોજના દ્વારા ટેકનોલોજી આધારિત સ્ટાર્ટ-અપ્સને તેમના નવાચારને પ્રયોગશાળાથી બજાર સુધી પહોંચાડવામાં જરૂરી નાણાકીય સહાય અને વૃદ્ધિ માટેની મજબૂત તકો પૂરી પાડશે તેમ મંત્રીશ્રીએ કહ્યું હતું. તેમણે રાષ્ટ્રીય સ્ટાર્ટ-અપ પ્લેટફોર્મમાં ગુજરાતના સફળ પ્રદર્શન, કેટલાક શ્રેષ્ઠ ઇનોવેશન અને વૈશ્વિક સ્તરે સંરેખિત નવીનતાઓને અનુપ્રાદિત કરવામાં ગુજરાતની આગામી યોજનાઓ પર પણ પ્રકાશ પાડ્યો હતો. તેમણે તમામ હિસ્સેદારોને નીતિઓ, શ્રેષ્ઠ વેજાણિક્માળાગત સુવિધાઓ અને ટેકનોલોજી કેન્દ્રિત વ્યૂહાત્મક પ્લેટફોર્મનો લાભ લેવા આમંત્રણ આપ્યું. આ કેન્દ્રિત અભિગમને કારણે સ્ટ્રેટેજિક વૈશ્વિક ભાગીદારીઓનો સફળ ભની શકી છે અને તેઓ નોકરી મેળવવાના બદલે પોતાના આઈડિયાઝ થ્રીસ્ટાર્ટ-અપ શરૂ કરી અન્ય લોકોને પણ રોજગારી પૂરી પાડી રહ્યા છે. લોન્ચ કરેલી યોજના દ્વારા ટેકનોલોજી આધારિત સ્ટાર્ટ-અપ્સને તેમના નવાચારને પ્રયોગશાળાથી બજાર સુધી પહોંચાડવામાં જરૂરી નાણાકીય સહાય અને વૃદ્ધિ માટેની મજબૂત તકો પૂરી પાડશે તેમ મંત્રીશ્રીએ કહ્યું હતું. તેમણે રાષ્ટ્રીય સ્ટાર્ટ-અપ પ્લેટફોર્મમાં ગુજરાતના સફળ પ્રદર્શન, કેટલાક શ્રેષ્ઠ ઇનોવેશન અને વૈશ્વિક સ્તરે સંરેખિત નવીનતાઓને અનુપ્રાદિત કરવામાં ગુજરાતની આગામી યોજનાઓ પર પણ પ્રકાશ પાડ્યો હતો. તેમણે તમામ હિસ્સેદારોને નીતિઓ, શ્રેષ્ઠ ઇ ઈનોવેશન સેલ્સની જાહેરાત કરવામાં આવી હતી.

કોહોર્ટ આધારિત એક્સિલરેશન પ્લેટફોર્મ, આત્મનિર્ભર ગુજરાત ફેલો, શેડો ઈન્ટર્નને પ્રોત્સાહન અને રાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત એક્સિલરેટર એજન્સીઓ સાથેરે કરવામાં આવ્યા હતા. કોક્લેવમાં **STBI**ના ડાયરેક્ટર ડૉ. આનંદ ભાડોકર તેમજ સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ, ઉદ્યોગ જગત, રોકાણકારો, ઈન્ક્યુબેટર/એક્સિલરેટર તથા વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

સ્પેક- એસ.પી.સી.એ.એમ., બાકરોલમાં કેરિયર મેન્ટરિંગ સેશન યોજાયું.



કમલમ્,

તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ (SPCAM), બાકરોલમાં ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ દ્વારા ઇન્ટરનેશનલ રિલેશન્સ એન્ડ રિસર્ચ સેલ (IRRC)ના સહયોગથી ટી.વાય. બી.બી.એ. (જનરલ), બી.બી.એ. (આઈ.એસ.એમ.) અને બી.સી.એ.ના વિદ્યાર્થીઓ માટે 'વિદેશમાં અભ્યાસ અને કારકિર્દીની તકો' વિષય પર કેરિયર મેન્ટરિંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ, આંતરરાષ્ટ્રીય કારકિર્દીની તકો, વિદેશ અભ્યાસની પ્રક્રિયા તથા વૈશ્વિક રોજગાર ક્ષેત્રમાં ઉપલબ્ધ સંભાવનાઓ અંગે માર્ગદર્શન આપી તેમની કારકિર્દી માટે યોગ્ય દિશા અને નિર્ણય લેવામાં સક્ષમ બનાવવાનો હતો. કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્યશ્રી ડો. સુયોગ ઉપાસની, આઈ.ક્યુ.એ.સી. કો-ઓર્ડીનેટર ડો. કલ્પેશ ગોહિલ અને ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ ના કોર્ડિનેટર શ્રીમતી વિભૂતિ ભોઈ તેમજ મેમ્બર શ્રી અનંત પરમાર ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ સેશનમાં શ્રી અંકુર પટેલ (Aris Overseas, મેનેજિંગ ડિરેક્ટર) વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડ્યું હતું. તેમણે વિદેશમાં ઉચ્ચ શિક્ષણની તકો, વિદેશ અભ્યાસની પ્રક્રિયા તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ઉપલબ્ધ કારકિર્દીની વિવિધ તકો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમનું સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરીશ્રી શીતલ પટેલ તેમજ તમામ ટ્રસ્ટીશ્રીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

નળસરોવર ખાતે વોટર સ્પોર્ટ્સ ઓપરેટર્સ માટે લાઈફ સેવિંગ તાલીમ કાર્યક્રમનું આયોજન

ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા NIWSના સહયોગથી સ્થાનિક બોટિંગ ઓપરેટર્સને જળસલામતી અને જીવનરક્ષક તકનીકોની તાલીમ અપાઈ



કમલમ્,અમદાવાદ

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વોટર સ્પોર્ટ્સ (NIWS)ના સહયોગથી નળસરોવર સંકુલ, અમદાવાદ ખાતે વોટર સ્પોર્ટ્સ ઓપરેટર્સ માટે 'લાઈફ સેવિંગ ટેકનિક્સ – વોટર સ્પોર્ટ્સ ઓપરેટર્સ (LST-WS)' તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમનો મુખ્ય હેતુ નળસરોવર ખાતે બોટિંગ અને વોટર સ્પોર્ટ્સની કામગીરી સાથે સંકળાયેલા સ્થાનિક ઓપરેટર્સને જળસલામતી, જીવનરક્ષક તકનીકો અને કટોકટી પરિસ્થિતિઓનો સામનો કરવા માટે જરૂરી જ્ઞાન અને કૌશલ્ય પ્રદાન કરવાનો હતો. તા. ૪ ઓક્ટોબર, ૨૦૨૬થી શરૂ થયેલો આ તાલીમ કાર્યક્રમ તા. ૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ પૂર્ણ થયો હતો. કાર્યક્રમ અંતર્ગત વિવિધ બેચમાં તાલીમ આપવામાં આવી હતી અને દરેક બેચ માટે પાંચ દિવસનો તાલીમ સમય ગાળો નિર્ધારિત કરવામાં આવ્યો હતો. નળસરોવર પક્ષી અભયારણ્ય ખાતે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૧૫૮૭૭ પ્રવાસીઓએ મુલાકાત લીધી છે. આ ગામી સમયમાં પ્રવાસીઓની સંખ્યામાં સંભવિત વધારો અને બોટિંગ પ્રવૃત્તિઓમાં વધતી ભાગીદારીને ધ્યાનમાં રાખીને પ્રવાસીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાના હેતુથી આ તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તાલીમ દરમિયાન સ્થાનિક ઓપરેટર્સને પાણીમાં સર્જાતી કટોકટીની પરિસ્થિતિઓનો સામનો કરવા માટે જરૂરી જ્ઞાન અને કૌશલ્ય પ્રદાન કરવાનો હતો. તા. ૪ ઓક્ટોબર, ૨૦૨૬થી શરૂ થયેલો આ તાલીમ કાર્યક્રમ તા. ૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ પૂર્ણ થયો હતો. કાર્યક્રમ અંતર્ગત વિવિધ બેચમાં તાલીમ આપવામાં આવી હતી અને દરેક બેચ માટે પાંચ દિવસનો તાલીમ સમય ગાળો નિર્ધારિત કરવામાં આવ્યો હતો. નળસરોવર પક્ષી અભયારણ્ય ખાતે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૧૫,

કપરાડાના દુર્ગમ વિસ્તારોમાં પ્રથમ ટીવી સેટ ફિટ કરનારા નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી સુશિલ ક્રિશ્ચન નિવૃત્ત

વડોદરા ખાતે શ્રી સુશિલ ક્રિશ્ચનનો નિવૃત્તિ વિદાય સમારોહ યોજાયો



કમલમ્,વડોદરા,

પ્રાદેશિક માહિતી કચેરી, વડોદરા ખાતે નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા શ્રી સુશિલ ક્રિશ્ચનના નિવૃત્તિ નિમિત્તે વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમની લાંબી સેવાકીય કારકિર્દી, ફરજ પ્રત્યેની નિષ્ઠા અને વિવિધ સ્થળોએ રહીને બજાવેલી કામગીરીને યાદ કરવામાં આવી હતી. શ્રી સુશિલ ક્રિશ્ચન તેમની કારકિર્દીની શરૂઆતમાં ગ્રામ્ય પ્રસારણ શાખા તરીકે ઓળખાતા વિભાગમાં જોડાયા હતા. ત્યારબાદ તેમણે સતત ૩૭ વર્ષ સુધી સરકારી સેવામાં રહીને વિવિધ સ્થળોએ પોતાની ફરજ નિભાવી હતી. તેમની સેવાકીય કારકિર્દી દરમિયાન તેમણે વડોદરા ઉપરાંત આણંદ, નડિયાદ, ગોધરા, ચવસારી અને વલસાડ ખાતે પણ કામગીરી કરી હતી. તેમની સેવાકીય કારકિર્દી દરમિયાન ગ્રામ્ય વિસ્તારોમાં પ્રસારણ અને ટેલિવિઝન સુવિધાઓના વિસ્તરણ સાથે સંકળાયેલી કામગીરીનો વિશેષ અનુભવ રહ્યો હતો. વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવતી વખતે તેમણે સ્થાનિક પરિસ્થિતિનો અને જરૂરિયાતોને અનુરૂપ કામગીરી કરી હતી. સરકારી યોજનાઓના અમલીકરણ દ્વારા ગ્રામ્ય વિસ્તારો સુધી માહિતી અને પ્રસારણની સુવિધાઓ પહોંચાડવાના કાર્યમાં તેમનું યોગદાન રહ્યું હતું. ખાસ કરીને વલસાડ ખાતે સાત વર્ષના લાંબા કાર્યકાળ દરમિયાન તેમણે નોંધપાત્ર કામગીરી કરી હતી. ૧૯૯૦ના દાયકામાં કપરાડા જેવા દુર્ગમ વિસ્તારમાં સરકારની યોજના હેઠળ ટેલિવિઝન સેટ સ્થાપિત કરવાની કામગીરીમાં તેમણે સક્રિય ભૂમિકા ભજવી હતી. તે સમયે ટેલિવિઝન સામાન્ય જનજીવનમાં વૈભવી સાધન ગણાતું હતું અને ગ્રામ્ય વિસ્તારોમાં તેની ઉપલબ્ધતા મર્યાદિત હતી. આવા સમયે કપરાડા વિસ્તારના ગ્રામ્ય વિસ્તારમાં પ્રથમ ટેલિવિઝન સેટ સ્થાપિત કરવાની કામગીરી શ્રી સુશિલ ક્રિશ્ચન દ્વારા કરવામાં આવી હતી.

આ કામગીરી ગ્રામ્ય પ્રજાને ટેલિવિઝન માધ્યમથી માહિતી અને મનોરંજન સાથે જોડવાના દૃષ્ટિકોણથી મહત્ત્વપૂર્ણ બની હતી. તે સમયગાળામાં ગામડાઓમાં ટેલિવિઝન સેટનું આગમન વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનતું હતું અને તેના સ્થાપન સમયે લોકો દ્વારા ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવતું હતું. શ્રી સુશિલ ક્રિશ્ચનની ૩૭ વર્ષની સેવાકીય કારકિર્દી દરમિયાન વિવિધ જિલ્લાઓમાં કરેલી કામગીરી અને દુર્ગમ વિસ્તારોમાં સરકારી યોજનાઓના અમલીકરણ માટે આપેલું યોગદાન તેમની સેવાયાત્રાનો મહત્ત્વપૂર્ણ હિસ્સો રહ્યું છે. તેમની કામગીરી ગ્રામ્ય વિસ્તારો સુધી પ્રસારણની સુવિધાઓ પહોંચાડવાના પ્રયાસોની યાદ અપાવે છે. આણંદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગત ૧૫મી ઓગસ્ટના રોજ તેમની પ્રાંસનીય કામગીરી બદલ સન્માન કરવામાં આવ્યું હતું. નિવૃત્તિ વિદાય સમારોહના પ્રસંગે શ્રી સુશિલ ક્રિશ્ચનને તેમની લાંબી સેવાઓ બદલ શુભેચ્છકોનો પાઠવવામાં આવી હતી અને નિવૃત્તિ પછીના જીવન માટે સુખ, સ્વાસ્થ્ય અને સમૃદ્ધિની કામના વ્યક્ત કરવામાં આવી હતી. આ સમારોહમાં સંયુક્ત માહિતી નિયામક શ્રી હેતલ દવે સહિત અધિકારીઓ, કર્મચારીઓ તથા નિવૃત્તો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત જેલ અને સુધારાત્મક વહીવટ પ્રભાગના ૫૩૮ જેલ સહાયકોનો દીક્ષાંત પરેડ તથા શપથ સમારોહ યોજાયો

જેલ સહાયકોની ૨૦મી બેચમાં ૬૦ મહિલા અને ૪૭૮ પુરુષ સહિત કુલ ૫૩૮ તાલીમાર્થીઓ સફળતાપૂર્વક પાસ આઉટ થયા



જેલ ડીજીપી ડૉ. કે.એલ.એન. રાવે પાઠવ્યા અભિનંદન

કમલમ્,

ગુજરાત જેલ અને સુધારાત્મક વહીવટ પ્રભાગની તાલીમ સંસ્થા GIPCA ખાતે જેલ સહાયકોની ૨૦મી બેચનો ભવ્ય શપથ સમારોહ અને દીક્ષાંત પરેડ યોજાઈ હતી. આ સમારોહમાં ૬૦ મહિલા અને ૪૭૮ પુરુષ મળી કુલ ૫૩૮ તાલીમાર્થીઓએ શપથ ગ્રહણ કર્યા હતા. આ ગૌરવપૂર્ણ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા જેલ અને સુધારાત્મક વહીવટના ડીજીપી ડૉ. કે.એલ.એન. રાવે તાલીમાર્થીઓને સંબોધન કરી પ્રોત્સાહિત કર્યા હતા. ડૉ. કે.એલ.એન. રાવે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, યુનિફોર્મધારી તાલીમાર્થીઓ માટે દીક્ષાંત સમારોહ સમગ્ર તાલીમ દરમિયાનનાં સૌથી મહત્ત્વપૂર્ણ અવસર હોય છે. તેમણે તાલીમાર્થીઓ, તેમના પરિવારો, પ્રશિક્ષકો તેમજ સંસ્થાના પ્રિન્સિપાલને અભિનંદન પાઠવ્યા હતા. ડીજીપીશ્રીએ સ્પષ્ટ કર્યું કે ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ મુખ્ય ત્રણ સ્તંભો પર કાર્ય કરે છે—(૧) કાયદાના અમલીકરણ માટે પોલીસ, (૨) ન્યાયિક પ્રક્રિયા માટે અદાલતો અને (૩) અદાલતના ચુકાદા બાદ બંદીવાનોની દેખરેખ તથા સુધારણા માટે જેલ પ્રભાગ. જેલ સેવા એ હિંમત, બલિદાન અને સમર્પણનું પ્રતીક છે, જ્યાં ચાર દીવાલો વચ્ચે સજા ભોગવી રહેલા કેદીઓને પશ્ચાતાપ દ્વારા ખરા અર્થમાં સુધારીને સમાજમાં ફરીથી એક સારા નાગરિક તરીકે પ્રસ્થાપિત કરવાની પવિત્ર જવાબદારી જેલ સ્ટાફની છે. તાલીમાર્થીઓએ છેલ્લા ૯ મહિના દરમિયાન વિવિધ વિષયો અને આઉટડોર પ્રવૃત્તિઓની સખત તાલીમ લીધી છે, જેમાં મુખ્યત્વે જેલ મેન્યુઅલ, પ્રિઝન એક્ટ, પ્રિઝનર એક્ટ તેમજ પેરોલ/ફર્લોના નિયમો, ભારતીય બંધારણ, માનવ અધિકાર અને RTI, IPC, CrPC તથા નવા અમલમાં આવેલા કાયદાઓ BNS, BNSS અને BSA, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને ક્રિમિનોલોજી, આધુનિક સુરક્ષા સાધનો જેમ કે NUD, બોડીવોર્ન કેમેરા, હેન્ડહેલ્ડ મેટલ ડિટેક્ટર, ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટર, બેગેજ સ્કેનર, બોડી સ્કેનર અને બિલ્ટ-ઇન જેમર્સનું સંચાલન ઉપરાંત ઈ-પ્રિઝન એપ્લિકેશન, કોમ્પ્યુટર જ્ઞાન તેમજ પ્રાથમિક સારવાર, યોગ, કરાટે અને સ્પોર્ટ્સ જેવી તાલીમ આપવામાં આવી છે. તેમણે વધુમાં ઉમેર્યું કે આર્થિક વૈશ્વિકીકરણ અને ટકનીકી વિકાસના કારણે ગુનાખોરીના સ્વરૂપો બદલાયા છે. જેલમાં વ્હાઇટ કૉલર ક્રાઇમ જેવા નવા પ્રકારના ગુનેગારો પણ આવે છે, જેને નિયંત્રિત કરવા માટે નવી કાર્યપદ્ધતિ અને ઊંડી સમજણ અનિવાર્ય છે. જેલની શિસ્ત, શાંતિ અને સુરક્ષા જાળવી રાખવાની સાથે સાથે આંતરિક સુરક્ષાના તમામ પડકારો સામે સતર્ક રહીને કેદીઓના શાસન સ્થાપિત કરવા તેમણે તમામ નવનિયુક્ત જેલ સહાયકોને આહવાન કર્યું હતું.

અમદાવાદ સિવિલમાં ૨૬૦મું અંગદાન: દીપાવલી પૂર્વે ૩૫ વર્ષીય યુવકના અંગદાનથી ૩ દર્દીઓના જીવનમાં પથરાયો રોશનીનો ઉજાસ

દહેગામના બ્રેઇનડેડ યુવકની પત્નીના માનવતાભર્યા નિર્ણયથી ૩ દર્દીઓને મળ્યું નવજીવન

કમલમ્,

અસહ્ય વ્યક્તિગત આઘાત અને દુઃખની ઘડીમાં પણ અન્યના જીવનમાં ઉજાસ પાથરવાનો એક અત્યંત હૃદયસ્પર્શી કિસ્સો અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સામે આવ્યો છે. ગાંધીનગર જિલ્લાના દહેગામના ૩૫ વર્ષીય યુવાનનું બ્રેઇનડેડ થતાં, તેમનાં પત્નીએ અપ્રતિમ હિંમત અને અડગ નિર્ણયશક્તિ દાખવી અંગદાન માટે મંજૂરી આપી છે. પત્નીના આ ઉમદા નિર્ણયથી ૩ જરૂરિયાતમંદ દર્દીઓને નવું જીવન મળ્યું છે.

આ સાથે જ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે અંગદાનનો આંકડો ૨૬૦ પહોંચ્યો છે. બનાવની વિગત મુજબ, દહેગામ નજીક થયેલા એક માર્ગ અકસ્માતમાં ૩૫ વર્ષીય યુવાનને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તાત્કાલિક સારવાર અર્થે તેમને ૩૧ ઓક્ટોબરના રોજ પ્રથમ ગાંધીનગર અને ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સિવિલ હોસ્પિટલના તબીબોની ટીમે તેમને બચાવવાના સતત પ્રયાસો કર્યા હતા, પરંતુ ગંભીર ઈજાઓના કારણે સતત પ્રયત્નો બાદ ૩ નવેમ્બરના રોજ તબીબો દ્વારા તેમને 'બ્રેઇનડેડ' જાહેર કરવામાં આવ્યા હતા. દર્દી બ્રેઇનડેડ જાહેર થતાં જ સિવિલ હોસ્પિટલની કાઉન્સિલિંગ ટીમ અને ડૉક્ટરોએ તેમનાં પત્ની સાથે અત્યંત સંવેદનાપૂર્વક ચર્ચા કરી હતી તેમજ બ્રેઇનડેથની સ્થિતિ અને અંગદાનના મહત્વ વિશે વિસ્તૃત સમજ આપી હતી. પતિને ગુમાવવાની અતિ દુઃખદ ઘડી વચ્ચે પણ પત્નીએ ધૈર્ય દાખવીને અંગદાન માટે પોતાની લેખિત સંમતિ આપી હતી. આ અંગદાન થકી ૧ લીવર અને ૨ કિડની મળીને કુલ ૩ મહત્વપૂર્ણ અંગોપ્રાપ્ત થયા હતા. આ તમામ અંગોને સિવિલ મેડિસિટી કેમ્પસમાં આવેલી કિડની હોસ્પિટલ (IKDRC) ખાતે તાત્કાલિક મોકલી આપીને જરૂરિયાતમંદ દર્દીઓમાં સફળતાપૂર્વક પ્રત્યારોપણ (ટ્રાન્સપ્લાન્ટ) કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. રાજ્ય સરકાર અને અમદાવાદ સિવિલ હોસ્પિટલના અથાક પ્રયાસોથી અંગદાન અને પેશીદાન ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી થઈ રહી છે.

આ ૨૬૦મા અંગદાન સાથે અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૧,૧૨૬ અંગો અને પેશીઓનું દાન મેળવવામાં આવ્યું છે. જેમાં ૮૬૪ મહત્વના અંગો (૪૦૬ કિડની, ૨૩૪ લીવર, ૮૩ હૃદય, ૩૪ ફેફસાં, ૨૬ સ્વાદુપિંડ (પેંક્રિયાસ), ૯ હાથ અને ૨ નાના આંતરડા તથા ૨૬૨ પેશી ઓ (ટિશ્યુ), જેમાં ૨૧૦ કોર્નિયા (આંખો) અને ૫૨ ચામડી (સ્કિન) નો સમાવેશ થાય છે.



આ પ્રસંગે અમદાવાદ સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, "અંગદાન એ મૃત્યુ પછી પણ કોઈના શરીરમાં જીવંત રહેવાનો સર્વોચ્ચ પવિત્ર યજ્ઞ છે. પોતાના સ્વજનને કાયમ માટે ગુમાવવાની ક્ષણે આવો કઠોર પણ પરોપકારી નિર્ણય લેવો એ અત્યંત વંદનીય છે. આ યુવાન પરિવારે દુઃખની ઘડીમાં જે ધૈર્ય અને માનવતા દાખવી છે, તેના કારણે આજે ૩ ગંભીર દર્દીઓને જીવનદાન મળ્યું છે. બ્રેઇનડેથ બાદ સમયસર લેવાયેલો એકયોગ્ય નિર્ણય અનેક પરિવારોના બુઝાતા દીવાને ફરી પ્રજ્વલિત કરી શકે છે. સમાજમાં હજુ પણ અંગદાન અંગે વધુ જાગૃતિ આવે અને લોકો આગળ આવે તે આજના સમયની સૌથી મોટી માંગ છે."

શ્રી સરસ્વતી મહાવિદ્યાલયમાં દિવાળી ઉત્સવ અને ટેલેન્ટ હન્ટનું આયોજન કરવામાં આવ્યું.



કમલમ્,

શ્રી સરસ્વતી મહાવિદ્યાલય (આર્ટ્સ એન્ડ કોમર્સ), આભવા, સુરત ખાતે દિવાળીના પાવન પર્વ નિમિત્તે હર્ષોલ્લાસ અને ઉત્સાહભેર દિવાળી ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે RED FM 95 દ્વારા "College Ke Tashanbaaz (Talent Hunt) – Diwali Celebration" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને પોતાની સુષુપ્ત પ્રતિભા રજૂ કરવા માટે સુંદર મંચ પૂરો પાડવામાં આવ્યો હતો. જેમાં ગાયન, નૃત્ય, વિવિધ મનોરંજક રમતો, રેસપ્રદ ક્વિઝ તથા સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ આ તમામ પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પોતાની કલા, સર્જનાત્મકતા તથા પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. RED FM95 ની ટીમ દ્વારા આયોજિત વિવિધ રમતો અને ક્વિઝમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર સહભાગી બની કાર્યક્રમને વધુ આનંદમય બનાવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિજેતા તથા સહભાગી વિદ્યાર્થીઓને મેનેજિંગ ડિરેક્ટર ડૉ યોગિતા શારદા અને કેમ્પસ ડિરેક્ટર શ્યામલી બર્ગલે ના વરદ હસ્તે આકર્ષક ભેટો આપવામાં આવી હતી. આ સમગ્ર આયોજનથી મહાવિદ્યાલયનું વાતાવરણ સંગીત, મનોરંજન, આનંદ અને ઉત્સાહથી ગુંજી ઊઠ્યું હતું. વિદ્યાર્થીઓને પોતાની પ્રતિભા રજૂ કરવાની સાથે આત્મવિશ્વાસ વધારવાની અને યાદગાર અનુભવો મેળવવાની તક મળી હતી. મહાવિદ્યાલયમાં આયોજિત દિવાળી ઉત્સવ વિદ્યાર્થીઓ માટે આનંદદાયક અને યાદગાર બની રહ્યો હતો.

અમદાવાદની સરકારી સ્પાઇન ઈન્સ્ટિટ્યૂટમાં આર્ટિફિશિયલ લિમ્બ ફિટિંગ, મેન્ટેનન્સ અને ગ્રોથ મુજબના અપડેશન તદ્દન વિનામૂલ્યે

અમારી ટીમ દ્વારા યોગ્ય તપાસ, નિદાન અને ચોક્કસ પદ્ધતિથી બાળકનો પગ કાપ્યા વિના ખાસ પ્રોસ્થેસિસ આપીને તેની લિમ્બ ડેફિશિયન્સીની અડચણને દૂર કરાઈ:- ડો. પિયુષ મિત્તલ, ડાયરેક્ટર, ગવર્મેન્ટ સ્પાઇન ઇન્સ્ટિટ્યૂટ



કમલમ્,

દર વર્ષે ૫ નવેમ્બરના રોજ વિશ્વભરમાં 'આંતરરાષ્ટ્રીય ઓર્થોટિક્સ એન્ડ પ્રોસ્થેટિક્સ દિવસ' (IPOD) ઉજવવામાં આવે છે. વર્ષ ૧૯૭૦માં પમી નવેમ્બરે 'ઈન્ટરનેશનલ સોસાયટી ફોર પ્રોસ્થેટિક્સ એન્ડ ઓર્થોટિક્સ' (ISPO)ની સ્થાપના થઈ હતી. આ સંસ્થાના સ્થાપના દિવસને 'આંતરરાષ્ટ્રીય ઓર્થોટિક્સ એન્ડ પ્રોસ્થેટિક્સ દિવસ' (IPOD) તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ શારીરિક અક્ષમતા કે ઇન્દ્રિયાંગતા ધરાવતા વ્યક્તિઓને કૃત્રિમ અંગો (પ્રોસ્થેસિસ) અને સહાયક સાધનો (ઓર્થોસિસ) દ્વારા આત્મનિર્ભર બનાવી તેમના જીવનની ગુણવત્તા સુધારવાનો અને આ સેવાઓ છેવાડાના જરૂરિયાતમંદ સુધી સમાનરીતે પહોંચે તે માટે જાગૃતિ લાવવાનો છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO)ના "૫" મોડેલ (People-centred care, Policy, Personnel, Products, Provision) પર આધારિત આ ઝુંબેશ અંતર્ગત વર્ષ ૨૦૨૬ માટે "PEOPLE" થીમ નક્કી કરવામાં આવી છે, જે આ ક્ષેત્ર સાથે જોડાયેલા દર્દીઓ, તબીબો, સંશોધકો અને સંભાળ રાખનારા લોકોના યોગદાનનું સન્માન કરે છે. ગુજરાત રાજ્યમાં પ્રોસ્થેટિક્સ અને ઓર્થોટિક્સની આધુનિક સારવાર તેમજ આ ક્ષેત્રનું શિક્ષણ આપતી એકમાત્ર સરકારી સંસ્થા 'ગવર્મેન્ટ સ્પાઇન ઇન્સ્ટિટ્યૂટ' અમદાવાદ ખાતે કાર્યરત છે, જ્યાં અનેક દિવ્યાંગ દર્દીઓને નવા જીવનની અને પુનઃવસનની રાહ મળી છે.

પગ કાપવાની સલાહ સામે પરિવારની આશા બનીને ઉભરી 'સરકારી સ્પાઇન ઇન્સ્ટિટ્યૂટ'

નડિયાદની બાજુમાં આવેલા ચકલાસી ગામના રહેવાસી ભૌમિકભાઈ પટેલના ૭ વર્ષીય પુત્ર નંત્ર પટેલને જન્મથી જ પગનો એક ભાગ નાનો હતો અને ઘૂંટણનું હાડકું ન હોવાની 'કોન્જેનિટલ લિમ્બ ડેફિશિયન્સી' (ફોકલ લિમ્બ ડેફિશિયન્સી) નામની ગંભીર સમસ્યા હતી. બાળકના પિતા ભૌમિકભાઈએ જણાવ્યું હતું કે, "અમે નંત્ર માટે અમદાવાદ, વડોદરા, મુંબઈ અને જામનગર સહિતની ઘણી નામાંકિત જગ્યાએ તપાસ કરાવી હતી. પરંતુ દરેક જગ્યાએથી એક જ પ્રત્યુત્તર મળતો હતો કે, જ્યાં સુધી બાળકના પગનું એમ્પ્યુટેશન (પગ કાપવો) ન કરવામાં આવે ત્યાં સુધી કૃત્રિમ પગ ફિટ થઈ શકે નહીં." પરિવાર પોતાના વ્હાલસોયા પુત્રનો પગ કપાવા જવય તૈયાર ન હતાં અને ક્રેઝી સકારાત્મક ઉર્જાની આશામાં હતો.

ડૉક્ટરો બન્યા દેવદૂત: પગ કાપ્યા વગર ફિટ કર્યો કૃત્રિમ પગ

અમદાવાદની ગવર્મેન્ટ સ્પાઇન ઈન્સ્ટિટ્યૂટ ખાતે પ્રોસ્થેટિક્સ એન્ડ ઓર્થોટિક્સ (P&O) વિભાગના વડા ડૉ. મિથિલેશ સોની અને તેમની નિષ્ણાત ટીમ દ્વારા નંત્રનું ઝીણવટપૂર્વક તબીબી એસેસમેન્ટ કરવામાં આવ્યું. ડૉક્ટરોએ પરિવારની ચિંતા દૂર કરીને પગ કાપ્યા વગર જ ખાસ પ્રકારનું પ્રોસ્થેસિસ (કૃત્રિમ પગ) ફિટ કરવાની શક્યતા દર્શાવી અને સફળતાપૂર્વક તે ફીટ કરી આપ્યું. આ અંગે સંસ્થાના ડાયરેક્ટર ડૉ. પિયુષ મિત્તલે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'અમારી અમારી ટીમ દ્વારા યોગ્ય તપાસ, નિદાન અને ચોક્કસ પદ્ધતિથી બાળકનો પગ કાપ્યા વિના ખાસ પ્રોસ્થેસિસ આપીને તેની લિમ્બ ડેફિશિયન્સીની અડચણને દૂર કરવામાં આવી છે. આજે આ નાનું બાળક પોતાની જાતે ચાલી શકે છે, ફરી શકે છે, દોડી શકે છે, સ્કૂલે જાય છે અને સીડીઓ પણ ચઢી-ઉતરી શકે છે. બાળકમાં જે આદ્યાત્મ આત્મવિશ્વાસ ખીલ્યો છે, તે જોતાં આ સારવાર એની જિંદગી બદલી નાખનારી સાબિત થઈ છે."

ખાનગીમાં ૧ થી ૧.૫ લાખનો ખર્ચ, સરકારી સંસ્થામાં સારવાર તદ્દન વિનામૂલ્યે

આજની મોંઘી તબીબી સારવાર વચ્ચે ગવર્મેન્ટ સ્પાઇન ઇન્સ્ટિટ્યૂટ સામાન્ય અને જરૂરિયાતમંદ પરિવારો માટે મોટો સહારો બની છે. આ વિશે વાત કરતા ડૉ. મિથિલેશ સોનીએ જણાવ્યું હતું કે, "જો આ પ્રકારની આધુનિક સારવાર અને પ્રોસ્થેસિસ ખાનગી હોસ્પિટલમાં લેવામાં આવે તો અંદાજે રૂ. ૧ થી ૧.૫ લાખ જેટલો ખર્ચ થાય છે. પરંતુ રાજ્ય સરકારના આ ઉપક્રમ હેઠળ અહીં આવતા દર્દીઓને આ તમામ સુવિધાઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે." વધુમાં, બાળકોની ઉંમર અને શારીરિક વિકાસ (ગ્રોથ) વધવાની સાથે પ્રોસ્થેસિસમાં સમયાંતરે ફેરફાર (રી-સાઈઝિંગ/અપડેશન) અને મેન્ટેનન્સ કરવું અનિવાર્ય બને છે. સરકારી સ્પાઇન ઈન્સ્ટિટ્યૂટ દ્વારા બાળક પુખ્ત વયનું થાય ત્યાં સુધી આ તમામ અપડેશન્સ અને રિપેરીંગ ક્રમ પણ સંપૂર્ણપણે ફ્રી ઓફ ચાર્જ કરી આપવામાં આવે છે. બાળક નંત્રના પિતા ભૌમિકભાઈએ પણ જણાવ્યું હતું કે આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન તેમને કોઈ ભય કરવો પડ્યો નથી.

ગવર્મેન્ટ સ્પાઇન ઇન્સ્ટિટ્યૂટના માધ્યમથી ગુજરાત રાજ્ય જ નહીં પરંતુ રાજ્ય બહારના પણ અનેક જરૂરિયાતમંદ દિવ્યાંગોને નવું જીવનદાન મળી રહ્યું છે. સંસ્થાના તબીબો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે કે, જો આપની આસપાસ કે ધ્યાનમાં કોઈપણ શારીરિક અક્ષમતા કે લિમ્બ ડેફિશિયન્સી ધરાવતા દર્દીઓ હોય, તો તેઓને અમદાવાદ સ્થિત 'ગવર્મેન્ટ સ્પાઇન ઇન્સ્ટિટ્યૂટ' ખાતે ચોક્કસથી રેફર કરવા, જેથી વધુમાં વધુ વ્યક્તિઓ રાજ્ય સરકારની આ વિનામૂલ્યે અને આધુનિક પુનઃવસન સેવાઓનો લાભ મેળવી પોતાના પગ પર આત્મનિર્ભર બની શકે.

આણંદ પોલીસની પ્રશંસનીય કામગીરી: 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે કરોડોની મિલકતો, રોકડ અને દસ્તાવેજો મૂળ માલિકોને સુપ્રત કરાયા

રૂ. ૨૬ લાખની કિંમતનો ફ્લેટ, રૂ. ૩૭ લાખથી વધુની રોકડ અને ચેક, ૭ વીઘા જમીન સહિત ૨ મકાન-દુકાનના અસલ દસ્તાવેજો તથા ૮ તોલા સોનું અને ૪૦૦ ગ્રામ ચાંદી અરજદારોને પરત અપાયા



ગુજરાત પોલીસ સામાન્ય નાગરિકોના જાન-માલની સુરક્ષા માટે સદા તત્પર છેઃનાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી

કમલમ્,

રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના વરદ હસ્તે 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર ખાતેથી છત્તરપિંડી, વ્યાજખોરી અને અંધશ્રદ્ધાનો ભોગ બનેલા નાગરિકોના રૂ. ૨૬ લાખની કિંમતનો એક ફ્લેટ, રૂ. ૩૭ લાખથી વધુની કિંમતના રોકડ નાણાં તથા ચેક, ૭ વીઘા ખેતીની જમીન અને સરેણાંક ખેટવના અસલ દસ્તાવેજોતેમજ ૮ તોલા સોનુંઅને ૪૦૦ ગ્રામ ચાંદી સહિતનો મુદામાલ અરજદારોને સન્માનપૂર્વક પરત સોંપવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિવિધ મહત્વના કિસ્સાઓમાં ભોગ બનનાર અરજદારોને તેઓનો મુદામાલ પરત સુપ્રત કરવામાં આવ્યો હતો.જેમાં;

એક્સપોર્ટ ધંધાના બહાને ૨૬ લાખની છેતરપિંડી કેસમાં ગયેલો ફ્લેટ પરત અપાવ્યો

મોરબી મૂળના અને હાલ બેડવા (આણંદ) ખાતે રહેતા વિજયભાઈ ભરડા સાથે ઈમ્પોર્ટ-એક્સપોર્ટના ધંધાના બહાને સામાવાળા ક્રપ્રેશભાઈ ચંદ્રકાંત જાનીએ રૂ. ૨૬ લાખની છેતરપિંડી કરી હતી અને તે રકમમાંથી વિદ્યાનગરમાં ફ્લેટ ખરીદી પોતે ફરાર થઈ ગયા હતા. પેટલાદ-કલોસ્કેડના પી.આઈ. શ્રીજે.એન. પરમાર અને ટીમે આરોપીને શોધી કઢી અરજદારને તે ૨૬ લાખ રૂપિયાની કિંમતનો ફ્લેટ સફળતાપૂર્વક પરત અપાવ્યો હતો. વિધવા બહેનને છેતીને આપેલા નાણાં પરત અપાવ્યા

વિદ્યાનગર ખાતે રહેતા સ્વર્ગસ્થ પોલીસ ઈન્સ્પેક્ટરના વિધવા પત્ની પારૂલબેન પંડ્યા પાસેથી ગોપાલ ચોકડીના શ્રવણ અમરાજી પટેલે હાથ ઉછીના લીધેલા રૂ. ૮ લાખ પરત આપતા ન હતા. પોલીસે ત્વરિત દરમિયાનગીરી કરી આરોપી પાસેથી રોકડા રૂ. ૪,૦૦,૦૦૦/-તથા રૂ. ૩,૦૦,૦૦૦/-ના બેંક ચેક મેળવી અરજદાર બહેનને પરત અપાવ્યા.

ધાર્મિક વિધિના બહાને પડાવી લીધેલા સોના-ચાંદીના દાગીના પરત સોંપાયા

જીટોડીયાના ગીતાબેન પાંડવને નારાયણબલી અને પિતૃદોષની વિધિના બહાને અંધશ્રદ્ધામાં ફસાવી આરોપી આતીષભાઈ ત્રિવેદી તથા પરિવારજનોએ આશરે ૫૬ તોલા જેટલા સોના-ચાંદીના દાગીના પડાવી લીધા હતા. પોલીસે અસરકારક કાઉન્સિલિંગ કરી ૮ તોલા સોનાના ઘરેણાં અને ૪૦૦ ગ્રામ ચાંદી તુરંત પરત અપાવ્યા હતા તેમજ બાકીના ઘરેણાં પરત આપવા અંગે સામાવાળા પાસેથી નોટરી સમક્ષ બાંહેધરી લેવડાવી હતી.

વ્યાજખોરોના ત્રાસથી આત્મહત્યા કરવા જતા યુવકનો જીવ બચાવી ૦ વીઘા જમીનનો દસ્તાવેજ પરત અપાવ્યો

તારાપુરના વલ્લકુમાર પટેલ વ્યાજખોર સંજયભાઈ ભરવાડની પઠાણી ઉઘરાણી અને ત્રાસથી કંટળી તારાપુર મોટી નહેર ખાતે આત્મહત્યા કરવા જતા હતા. પોલીસે સમયસૂચકતા વાપરી તેમનું કાઉન્સિલિંગ કર્યું અને આરોપી પાસેથી ૭ વીઘા ખેતીની જમીનનો અસલ ગીરો બાનાખત દસ્તાવેજ તથા રૂ. ૨ લાખનો ચેક સહિત ૭ સહી કરેલા કોરા ચેકો પરત અપાવ્યા હતા. આ ઉપરાંત, ગેરકાયદેસર ઊંચા વ્યાજની ઉઘરણી કરતા વ્યાજખોર મોહમ્મદસોહેલ વ્હોરા વિરુદ્ધ તારાપુર પોલીસે બી.એન.એસ. તથા ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી હતી.

વ્યાજ વટાવમાં ગયેલા ઘર અને હોટલના દસ્તાવેજો તથા રૂ. ૨૮.૫૦ લાખના ચેકો પરત

તારાપુરના રાકેશભાઈ પટેલે ગૃહ વિભાગમાં કરેલી રજૂઆતના પગલે પોલીસે ત્વરિત કાર્યવાહી કરી નવીનભાઈ ભરવાડ પાસેથી ઘરનો અસલ દસ્તાવેજ, પ્રકાશભાઈ પટેલ પાસેથી હોટલનો ગીરો ખત દસ્તાવેજ તેમજ અલગ અલગ સામાવાળાઓ પાસેથી કુલ રૂ. ૨૮,૫૦,૦૦૦/-ની કિંમતના ૯ ચેકો મેળવી અરજદારને પરત અપાવ્યા.

વિધવા મહિલાને ઉઘીની આપેલી ૨૬મ પરત અપાવી

તારાપુરની શિવશક્તિ સોસાયટી ખાતે રહેતા વિધવા પારૂલબેન પટેલના સદ્ગત પતિએ હિતેશભાઈ પટેલ અને મનીષભાઈ ચૌહાણ હાથ ઉછીના આપેલા નાણાં પરત ન મળતા ગૃહ વિભાગ અને જિલ્લા પોલીસ વડાને રજૂઆત કરી હતી. તારાપુર પોલીસે હિતેશભાઈ પટેલ પાસેથી રૂ. ૧,૫૦,૦૦૦/-રોકડા તુરંત પરત અપાવ્યા હતા અને અન્ય રકમ બાબતે પણ યોગ્ય પતાવટ કરાવી વિધવા બહેનને માટી આર્થિક રાહત અપાવી હતી. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ પ્રસંગે આણંદ જિલ્લા પોલીસની સરાહનીય અને પ્રજાલક્ષી કામગીરીને બિરદાવી હતી અને જણાવ્યું હતું કે ગુજરાત પોલીસ સામાન્ય નાગરિકોના જાન-માલની સુરક્ષા માટે સદાતત્પર છે. મુદ્દામાલ અને મિલકતો પરત મળતા અરજદારોએ રાજ્યસરકાર અને આણંદ પોલીસનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

જમીન માલિક અને ડેવલપર્સ વચ્ચેના વિવાદનો સુખદ અંત લાવી 'ભીમ-સીટી'ના ૧૧ અરજદારોને અપાવ્યા મકાનના દસ્તાવેજ

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે લાભાર્થીઓને મકાનના દસ્તાવેજ અને ચાવી સુપરત કરાયા

કમલમ્,

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના પલાસવાડા ખાતેઆવેલા "ભીમ-સીટી" પ્રોજેક્ટમાં જમીન માલિક અને ડેવલપર્સ વચ્ચેના આંતરિક વિવાદના કારણે લાંબા સમયથી અટવાયેલા મકાનના દસ્તાવેજોનો પ્રશ્ન વડોદરા ગ્રામ્ય પોલીસની સક્રિય મધ્યસ્થીથી સફળતાપૂર્વક ઉકેલાયો છે અને તેરા તુજકો અર્પણ અંતર્ગત નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે આજે ગાંધીનગર ખાતેથી તેતમામને મકાનના દસ્તાવેજોઅને ચાવી સુપ્રત કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટમાં ૧૧ જેટલા અરજદારોએ મકાન બુક કરાવીને નક્કી કરેલી તમામ રકમ ચૂકવી દીધી હોવા છતાં, મૂળ માલિક અને ડેવલપર્સ વચ્ચે ચાલી રહેલા મતભેદોના કારણે તેમને મકાનના કાયદેસરના દસ્તાવેજ કરી આપવામાં આવતા નહતા. પોતાની મહેનતની કમાણી ચૂકવી દીધા છતી પણ પોતાના હકના ઘરના દસ્તાવેજથી વંચિત રહેલા આ અરજદારોએ વડોદરા ગ્રામ્ય પોલીસ અધિક્ષકશ્રીને રૂબરૂ મળીને સમગ્ર વિગતવાર રજૂઆત કરી હતી. અરજદારોની રજૂઆતને ગંભીરતાથી લઈ પોલીસ અધિક્ષકશ્રીએ સામાન્ય નાગરિકોના હિતમાં ત્વરિત કાર્યવાહી કરવા આદેશ આપ્યો હતો. જેના પગલે નાયબ પોલીસ અધિક્ષકશ્રી (ડભોઈ વિભાગ)ના માર્ગદર્શન હેઠળ ડભોઈ પોલીસે સમગ્ર કેસની તટસ્થ તપાસ હાથ ધરી હતી. પોલીસે પ્રોજેક્ટના મૂળ માલિક તેમજ ડેવલપર્સ સાથે યોગ્ય સંકલન સાધી, બંને પક્ષોને વિશ્વાસમાં લઈ બેઠકો યોજી હતી અને લાંબા સમયથી ચાલતા વિવાદનું સકારાત્મક



નિરાકરણ લાવવામાં સફળતા મેળવી હતી. પોલીસની આ સુમેળભરી દરમિયાનગીરીના પરિણામે, આશરે ૨.૭૫ કરોડની કિંમતના તમામ ૧૧ મકાનોના કાયદેસરના દસ્તાવેજો તૈયાર કરાવી અરજદારોના સપનાના ઘરનો માર્ગ મોકળો કરવામાં આવ્યો હતો. આ સફળ કામગીરી અનુસંધાને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના વરદહસ્તે આજે લાભાર્થી અરજદારો —મુમતાજબાનુ રફીકભાઈ ભોરા, ઈમરાનખાન મહોયુદ્દીન અંસારી, નિસાર અહેમદ મોહિદીન બારમારે, તથા નાઝનીન નિસાર અહેમદ બારમારે, સમીર મે હદી દિલાવરભાઈ બાન્ડવાલા, પઠેલવાન હસના નાદેઅલી, રૂકશાન દિલાવર શેખ, વાસીકખાન અનીસુલ હસન પઠાણ, મુરશીદ ઈરફાન સિદ્દીકી, તનઝીલા એલી અસગર ભાઈ સાહેબ, સરસણવાલા બુરહાન હુસેન તેમજ મોહંમદ હમીદુલ્લાહ મોહંમદ વલીઉલ્લાહને મકાનના દસ્તાવેજ અને ચાવી સુપરત કરવામાં આવ્યા હતા.

ખાનગી વિવાદમાં પણ સામાન્ય નાગરિકોના હકનું રક્ષણ કરી ન્યાય અપાવવા બદલ તમામ લાભાર્થીઓએ ગુજરાત પોલીસ અને રાજ્ય સરકાર અને નાયબ મુખ્યમંત્રીશ્રી પ્રત્યે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

પાટણ - ડીસા હાઈવે પર વાગડોદ ખાતે 'રાજપી CNG સ્ટેશન અને રાજપી ફ્યુઅલ સ્ટેશન' નો ભવ્ય શુભારંભ

ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતના હસ્તે ઉદ્ઘાટન





સાબરમતી ગેસ લિમિટેડ અને નાયરા એનર્જીના સંયુક્ત સાહસથી શરૂ થયેલા આધુનિક પેટ્રોલ પંપથી સ્થાનિક નાગરિકો અને હાઈવેના વાહનચાલકોને મળશે ઉત્તમ સુવિધાઃ ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂત

કમલમ્,પાટણ

ડીસા હાઈવે સ્થિત વાગડોદ ખાતે સાબરમતી ગેસ લિમિટેડ અને નાયરા એનર્જીના 'રાજવી સી.એન.જી. સ્ટેશન અને રાજવી ફ્યુઅલ સ્ટેશન'નો ભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. આ શુભ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સિદ્ધપુરના લોકપ્રિય ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહ્યા હતા અને રિબન કાપીને નવા સ્ટેશનનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે આયોજક પરિવારને નવા સાહસ બદલ ખુબ-ખુબ અભિનંદન અને ઉત્તરોત્તર પ્રગતિ માટે હાર્દિક મંગલકામનાઓ પાઠવી હતી.આ નવું ફ્યુઅલ તેમજ સીએનજી સ્ટેશન સ્થાનિક નાગરિકો અને હાઈવે પરથી પસાર થતા હજારો વાહનચાલકો માટે અત્યંત સુવિધાજનક સાબિત થશે. હવે આ વિસ્તારના લોકોને પેટ્રોલ, ડીઝલ અને સીએનજી માટે દૂર સુધી જવું નહીં પડે. આધુનિક સુવિધાઓથી સજ્જ આ સ્ટેશનથી વિસ્તારના વિકાસને પણ નવી ગતિ મળશે. મહાનુભાવોની ઉપસ્થિતિ આ શુભ




પ્રસંગે દાંતા તાલુકા પૂર્વ પ્રમુખ શ્રી લક્ષ્મણસિંહ બારડ (મોટાસડા), આયોજક શ્રી પરબતસિંહ રાજપૂત, શ્રી રાજદીપસિંહ રાજપૂત તેમજ શ્રી ગીરીશભાઈ મોદી, શ્રી રમેશભાઈ દેસાઈ, શ્રી મહેશભાઈ દેસાઈ, શ્રી દશરથસિંહ રાજપૂત, શ્રી મહિપતસિંહ રાજપૂત, શ્રી મદારસિંહ રાજપૂત, શ્રી જશુભાઈ પટેલ, શ્રી છગુજી રાજપૂત, શ્રીમતી ચેતનાબા રાજપૂત, શ્રી વિનુભાઈ પ્રજાપતિ, શ્રી કાનજીભાઈ દેસાઈ, શ્રી અમિતભાઈ, શ્રી બાલસંગજી, શ્રી વિજયભાઈ મકવાણા, શ્રી બલદેવસિંહ રાજપૂત, શ્રી અમરતભાઈ દેસાઈ, શ્રી શમાજી ઠાકોર, શ્રી ગુલાબસિંહ રાજપૂત, શ્રી જીવતભાઈ પઠાણ સહિતના આગેવાનો, મહાનુભાવો, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં સ્નેહીજનો ઉપસ્થિત રહ્યા હતા.

જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે 'સેતુ સેમિનાર' યોજાયો









કમલમ્,

જેન્ડર જાગૃતિ અને મહિલા સશક્તિકરણની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતા, જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે ડીનશ્રી ડૉ. અંકુર ઝાલાવાડિયા અને સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. મિતા પરીખના માર્ગદર્શન હેઠળ તા જેનરમાં ૦૩ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ એક દિવસીય 'સેતુ સેમિનાર' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેન્ડર રિસોર્સ સેન્ટર (જી.આર.સી.), ગાંધીનગરના સહયોગથી યોજાયેલા આ સેમિનારમાં મેડિકલ કોલેજના તબીબી શિક્ષકો, વિદ્યાર્થીઓ, નર્સિંગ સ્ટાફ તેમજ અન્ય કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય સ્ત્રી-પુરુષ સમાનતા, કામના સ્થળે સુરક્ષા અને તંદુરસ્ત જીવનશૈલી અંગે જાગૃતિ ફેલાવવાનો હતો. સેમિનાર દરમિયાન જેન્ડર રિસોર્સ ઓફિસર શ્રી મહેન્દ્રભાઈ મકવાણા, શ્રીમતી શૈલેન્દ્રકુમારી ઝાલા અને કુમારી પૂજા ચૌહાણ દ્વારા નીચે મુજબના મહત્વપૂર્ણ વિષયો પર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જે અંતર્ગત જેન્ડર ડેવલપમેન્ટમાં સમાનતા અને પ્રગતિના પ્રયાણો, જાતિ આધારિત ભેદભાવ અને હિંસામા અટકાયત અને જાગૃતિ, PoSH Act 2013 અંતર્ગત ક્રમના સ્થળે જાતીય સતામણી અટકાવવાનો કાયદો અને તેની જોગવાઈઓ, મહિલા સુરક્ષા સહાય ૧૮૧ અભયમ હેલ્પલાઈન અને સરકાર દ્વારા મહિલાઓને મળતી વિવિધ સહાયની વ્યવસ્થાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ, ધારપુર-પાટણના કોમ્યુનિટી મેડિસિન વિભાગના સહપ્રાધ્યાપક ડૉ. તેજશ શાહ દ્વારા ઉપસ્થિત સહભાગીઓને પોષણ અને આરોગ્ય અંગે ખૂબ જ ઉપયોગી અને વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. સેમિનારમાં તમામ સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

પાટણ-ડીસા હાઈવે પર કોયટા મેજર બ્રિજ ખાતે ૧૮૭ લાખના ખર્ચે નિર્મિત વૈકલ્પિક ડાયવર્ઝન માર્ગનું લોકાર્પણ ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતના હસ્તે શુભારંભ

બ્રિજના નિર્માણકાર્ય દરમિયાન વાહનચાલકોને પડતી મુશ્કેલીઓમાં થશે નોંધપાત્ર ઘટાડો, સ્થાનિક નાગરિકો અને મુસાફરોને મળશે મોટી રાહત

કમલમ્,

પાટણ-ડીસા હાઈવે પર કોયટા મેજર બ્રિજ ખાતે ગુજરાત સરકાર દ્વારા ૧૮૭ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલા વૈકલ્પિક ડાયવર્ઝન માર્ગનું લોકાર્પણ સિદ્ધપુરના લોકપ્રિય ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રી એ જણાવ્યું હતું કે, જનતા ની સુવિધા, સુરક્ષા અને સવાંગી વિકાસને પ્રાથમિકતા આપતી ગુજરાત સરકાર જનહિતના કાર્યોને સંતત આગળ ધપાવવા કટિબદ્ધ છે. આ નવા ડાયવર્ઝન માર્ગના કાર્યરત થવાથી બ્રિજના નિર્માણકાર્ય



દરમિયાન વાહનચાલકોને પડતી મુશ્કેલીઓમાં નોંધપાત્ર ઘટાડો થશે. વાહનવ્યવહાર વધુ સરળ અને સુગમ બનશે તેમજ સ્થાનિક નાગરિકો, મુસાફરો અને આસપાસના ગામોના લોકોને મોટી રાહત મળશે.

મહાનુભાવોની ઉપસ્થિતિઆ લોકાર્પણ પ્રસંગે શ્રી નંદાજી ઠાકોર, શ્રી પ્રહલાદજી ઠાકોર, શ્રી લાલજીભાઈ દેસાઈ, શ્રી ગીરીશભાઈ મોદી, શ્રી આર.બી. પંચાલ, તાલુકા વિકાસ અધિકારીશ્રી, શ્રી પ્રધાનજી ઠાકોર, શ્રી જશુભાઈ પટેલ, શ્રી માતમજી ઠાકોર, શ્રી મહિપતસિંહ રાજપૂત, શ્રી રમેશભાઈ દેસાઈ, શ્રી રણજીતસિંહ ઠાકોર, શ્રી બીપીનજી ઠાકોર, શ્રી સોરાબજી ઠાકોર, શ્રી પોપટજી ઠાકોર, શ્રી દશરથજી રાજપૂત, શ્રી ઈન્તિયાજભાઈ તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો અને સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor :Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028